Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૧૬–૦૭–૨૦૨૧**

સિન્ડિકેટની સામાન્ય સભા શુક્રવાર, તા.૧૬–૦૭–૨૦૨૧ના રોજ બપોરેઃ ૧૨–૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન / ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં મળશે, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૧૬–૦૭–૨૦૨૧ |
|---|---|---|
| ૧. | ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા ( માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | VACANT (માનનીય ઉપકુલપતિશ્રી) | ----- |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. આ.ડૉ.વિજય ધિમન, ડૉ.એસ. એન્ડ એસ. એસ. ગાંધી ગર્વમેન્ટ એન્જિનિયરીંગ કોલેજ, સુરત. | ઓનલાઈન હાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | ગેરહાજર |
| ૭. | આ.ડૉ. અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | હાજર |
| ૮. | ડૉ.મહિડા મહેન્દ્રસિંહ ભરતસિંહ | હાજર |
| ૯. | ડૉ.રાકેશ નટવરલાલ દેસાઈ | હાજર |
| ૧૦. | ડૉ. ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૧. | ડૉ. ખરચિયા કશ્યપસિંહ પ્રવિણસિંહ | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી જયરામ ગામિત | ગેરહાજર |
| ૧૪. | શ્રી કિરણભાઈ ઘોઘારી (એડવોકેટ) | હાજર |
| ૧૫. | શ્રી સંજયભાઈ લાપસીવાલા | ગેરહાજર |
| ૧૬. | શ્રી વિમલભાઈ શાહ | હાજર |
| ૧૭. | શ્રી હસમુખભાઈ પ્રેમજીભાઈ પટેલ | હાજર |
| ૧૮. | ડૉ.પારૂલબેન કિશોરકાંત વડગામા | ઓનલાઈન હાજર |

૧. સિન્ડિકેટની તા.૦૯–૦૭–૨૦૨૧ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત…

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૦૯–૦૭–૨૦૨૧ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને યથાવત મંજૂર કરવામાં આવે છે.**

૨. યુનિવર્સિટી સંલગ્ન વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, વનિતા વિશ્રામ કેમ્પસ, સુરતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૧–૧૦–૨૦૧૭નો પત્ર ક્રમાંકઃએસ.એ.(વનિતા–૩૭૬) (કોમર્સ) (૧૭)/૨૧૨૭૮થી તા.૧૫–૬–૨૦૧૭ થી ત્રીજા વર્ષ સ્વનિર્ભર બી.કોમ. અભ્યાસક્રમનું ક્રમશઃ વધારાનું (કાયમી) જોડાણ આપતું જાહેરનામું બહાર પાડવા ભલામણ કરવમાં આવી હતી. પરંતુ શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૪–૫–૨૦૧૮ના પત્ર ક્રમાંક :દગજ/૨૦૧૬/૬૯/ખ.૧ થી પ્રસિધ્ધ થયેલ જાહેરનામામાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ.નું ત્રીજા વર્ષનું ક્રમશઃ વધારાનું જોડાણ તા.૧૫–૬–૨૦૧૭થી તા.૧૪–૬–૨૦૧૮ સુધીનું એક વર્ષ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૧૭–૫–૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૬/૬૯/ખ.૧થી નવું ક્રમશઃ કાયમી જોડાણ (તા.૧૫–૬–૨૦૧૫ થી તા.૧૪–૬–૨૦૧૬) તથા ક્રમશઃવધારાનું કાયમી જોડાણ (તા.૧૫–૬–૨૦૧૬ થી તા.૧૪– ૬–૨૦૧૭) (નકલ આ સાથે સામેલ છે) તા. ૯–૭–૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૬/ ૬૯/ખ.૧ થી આપે ૧૫–૬–૨૦૧૭ થી કાયમી જોડાણ મંજુર કરવાનું રહેતું હોઈ, યુનિવર્સિટીની સિન્ડિકેટના ઠરાવ સહિત દરખાસ્ત કરવા માટે જણાવેલ હોઈ, શિક્ષણ વિભાગ તરફથી સદર કોલેજનું જેમ પ્રથમ અને બીજા વર્ષનું ક્રમશઃ વધારાના વર્ષનું કાયમી જોડાણ આપતું જાહેરનામું બહાર પાડવામાં આવેલ હોઈ, તેવી જ રીતે સદર કોલેજનું ત્રીજા વર્ષ બી.કોમ.નું ક્રમશઃ વધારાનું ૧૫–૬–૨૦૧૭ થી કાયમી જોડાણ આપતું જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરવામાં આવેલ પરંતુ ત્યારબાદ તા.૧૫–૬–૨૦૧૮ થી કાયમી જોડાણ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા સિન્ડિકેટના ઠરાવ સહિત યુનિવર્સિટીએ નવેસરથી દરખાસ્ત રજૂ કરવા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સેકશન અધિકારીશ્રીઓ તેમના તા.૦૪–૦૧–૨૦૧૯ના પત્રાંક દગજ/૨૦૧૬/૬૯/ખ.૧ તથા સદર કોલેજના આચાર્યશ્રીના તા.૨૨–૧–૨૦૧૯ ના પત્ર ક્રમાંકઃ ૨૦૧૮–૨૦૧૯/ એફી.બી.કોમ. ના પત્ર ૫૨ વિચારણા કરવા બાબત.

(નોંધ :(૧) સિન્ડિકેટની તા.૨૧–૯–૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંક : (૪૯) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Withdraw કરવામાં આવે છે.**

(૨) સિન્ડિકેટની તા.૮–૧૨–૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંક : (૧૩) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત આગામી સિન્ડિકેટ સભા સમક્ષ રજૂ કરવી.**

(૩) સંસ્થાનો તથા રાજય સરકારના પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, વનિતા વિશ્રામ કેમ્પસ, સુરતના કાયમી જોડાણ બાબતે આ યુનિવર્સિટીની નીતિ સ્વનિર્ભર અભ્યાસક્રમને કાયમી જોડાણ ન આપવાની છે પરંતુ સદરહું કિસ્સામાં આ કોલેજ આ અગાઉ એસ.એન.ડી.ટી. વુમન્સ યુનિવર્સિટી સાથે કાયમી જોડાણ ધરાવતી હતી અને રાજયસરકારશ્રીના આદેશ પ્રમાણે ફરજીયાતપણે આ યુનિવર્સિટીમાં જોડાણ મેળવેલ હતું તે બાબત અને રાજય સરકારશ્રીના તા.૦૧–૦૯–૨૦૧૨ના જાહેરનામાંને ધ્યાનમાં લેતા ખાસ કિસ્સામાં માત્ર આ કોલેજને રાજય સરકારશ્રીના જાહેરનામાં પ્રમાણે તા.૧૫–૦૬–૨૦૧૮થી કાયમી જોડાણ આપવા માટે રાજય સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે.**

૩. **યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોની NRI સીટો માટે નીતી નકકી કરવા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૬અન્વયે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.**

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાની ભલામણ ક્રમાંક : ૫૬</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોની NRI સીટો માટે પ્રવેશ સુપરન્યુમેરીક બેઠક દ્વારા આપવામાં આવે. ડીવીઝનદીઠ વધુમાં વધુ ૫% બેઠકો સુપરન્યુમેરીક બેઠક તરીકે ફાળવવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(એકેડેમિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાની ઉપરોકત ભલામણ ક્રમાંક : ૫૬ને ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.**

૪. સાઉથ ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ કોલેજ મેનેજમેન્ટ એસોસીયેશનના પ્રમુખ અને ઉપપ્રમુખશ્રીના તા.૨૫/૬/૨૦૨૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.
(નોંધ : પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાઉથ ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ કોલેજ મેનેજમેન્ટ એસોસીયેશનના પ્રમુખ અને ઉપપ્રમુખશ્રીના તા.૨૫/૬/૨૦૨૧ના પત્રની નોંધ લેવામાં આવે છે.**

૫. કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈ.ટી. વિદ્યાશાખાના ડીનશ્રી ડો.સ્નેહલ જોષીનો તા.૦૩–૦૭–૨૦૨૧નો ઈ–મેઈલમાં જણાવ્યા મુજબ આગામી એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં માનનીય કુલપતિશ્રીની અનુમતિથી નીચે મુજબની બાબતો, નિર્ણય અર્થ ચર્ચામાં લેવા વિનંતી.

૧. પ્રશ્નપત્રોને ઓનલાઈન જમા કરાવવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવે. જેથી જે તે પરિક્ષા માટેના ચેરમેન, ટાઈપ થયેલા પ્રશ્નપત્રોની વર્ડ અથવા પી.ડી.એફ. ફોર્મેટની ફાઈલ અપલોડ કરી શકે. આવી વ્યવસ્થાથી યુનિવર્સિટીમાં જમા કરાવવા માટે લેવી પડતી ડી.એલ., યુનિવર્સિટીને આપવું પડતું ટી.એ./ડી.એ., પોતાની કોલેજથી યુનિવર્સિટી આવવામાં વપરતા અને વેડફતા માનવીય કલાકો તથા મુસાફરીની અસુવિધા, તેમજ અન્ય કોઈ પણ પ્રકારની સ્ટેશનરીના ખર્ચને બચાવી શકાય, તેમજ જમા કરાવવાની પ્રક્રિયા સરળ બને તથા ઝડપથી આ કાર્યવાહી થઈ શકે. આપશ્રીને નમ્ર વિનંતી છે, કે જો તમામ ફેકલ્ટીમાં આ બાબત તાત્કાલિક ધોરણે લાગુ પાડી શકીએ તેમ ના હોય, તો માત્ર કોમ્પ્યુટર ફેકલ્ટીના બી.સી.એ./ બી.એસસી.(કોમ્પ્યુટર) માટે પાયલોટ પ્રોજેકટના ધોરણે આ બાબત લાગુ કરી શકાય.

૨. પ્રાશ્નિકો તેમજ ચેરમેન દ્વારા જમા કરાવાતા બિલની કાર્યવાહીમાં ખૂબ લાંબો સમયગાળો થાય છે. યુનિવર્સિટી પરીક્ષા વિભાગ દ્વારા પ્રશ્નપત્રો જમા થયેથી તથા પરીક્ષા પૂર્ણ થયેથી નિર્ધારિત સમયગાળામાં, આ સાથે બિડેલ સેમ્પલ ફોર્મેટ (બિડાણ–૧) મુજબની ફેકલ્ટીવાઈઝ યાદી જો એકાઉન્ટ વિભાગને આપી દેવામાં આવે તો એકાઉન્ટ વિભાગ જે તે અધ્યાપકને તેમના મહેનતાણાની રકમ સીધી જમા કરી શકે. તેમજ આ બાબતે અલગ અલગ ભરતા બિલો તેમનું ખોવાઈ જવાની શકયતા ચેરમેન દ્વારા કયારેક કોઈ સંજોગોમાં જમા ના થતાં બિલોની સમસ્યા જેવી બાબતોનો ઉકેલ આવી શકે તેમજ પ્રાશ્નિકો તેમજ ચેરમેનને મળવાપાત્ર મહેનતાણાંની રકમ મળી શકે.

૩. ઉપરોકત બાબત–૨ ને પ્રાયોગિક પરીક્ષાના પરિક્ષકોના બિલ માટે પણ લાગુ પડી શકાય. જે માટેનું ચેરમેન દ્વારા ભરવા પાત્ર થતું મહેનતાણું એક જ કોમન સેમ્પલ બિલ (બિડાણ–૨) આ સાથે ચર્ચા અર્થે મુકેલ છે. સદર બાબતે એકેડેમીક કાઉન્સિલમાં વિચારણા કરતા નીચે મુજબ ઠરાવેલ છે.

:: એકેડેમિક કાઉન્સિલના તા. ૦૫–૦૭–૨૦૨૧ ઠરાંવ ક્રમાંકઃ ૨૩

: : "આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈ.ટી. વિદ્યાશાખાના ડીનશ્રી ડો. સ્નેહલભાઈ જોષીના ઈમેલ દ્વારા આપવામાં આવેલા સૂચન અનુસાર પરીક્ષા માટેના પ્રશ્નપત્રો જે તે વિષયના ચેરમેન દ્વારા યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવનાર પ્રસ્થાપિત ફોર્મેટમાં ઓનલાઈન પધ્ધતિથી અપલોડ કરાવવાના રહેશે. કોઈક સંજોગોમાં ચેરમેન દ્વારા ઓનલાઈન પધ્ધતિથી અપલોડ કરવાનું શકય ન બને તો યુનિવર્સિટી ખાતે રૂબરુ જમા કરાવી શકશે.

યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવનાર પ્રસ્થાપિત ઓનલાઈન ફોર્મેટમાં પ્રાશ્નિક અને ચેરમેનના મહેનતાણાના બીલ પણ અપલોડ થઈ શકે તેમજ તેની ચુકવણી પણ ઓનલાઈન પધ્ધતિથી થઈ શકે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

પ્રેકટીકલ પરીક્ષાઓમાં અકઝામીનરના મહેનતાણાંના બીલો ચેરમેન દ્વારા ઓનલાઈન ફોર્મેટમાં અપલોડ થઈ શકે તેમજ તેની ચૂકવણી પણ ઓનલાઈન પધ્ધતિથી ગઈ શકે તેવી વ્યવસ્થા કરવાની રહેશે. "

ઉપરોકત તમામ બાબતોના અમલીકરણની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ છે.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૦૫–૦૭–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૨૩)થી કરેલ ઉપરોકત ભલામણનો યથાવત સ્વીકાર કરવો.**

૬. યુનિવર્સિટીની પરીક્ષાઓમાં વિદ્યાર્થી ઓનલાઈન ગેરરીતી કરતાં પકડાયા હોય તો તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓને ગેરરીતી બાબતે **FACT** કેસ કરવા માટે **FACT** ના ઓનલાઈન નવા નિયમો એકેડેમીક કાઉન્સિલની તાઃ૨૧/૦૫/૨૦૨૧ની સભામાં મંજુર કરવામાં આવેલ ઠરાવ મુજબ અને સિન્ડીકેટની તાઃ૦૯/૦૬/૨૦૨૧સભામાં ઠરાવ ક્રમાંક : ૮૯ મુજબ મા.કુલપતિશ્રીએ નિમણુંક કરેલ કમિટી દ્વારા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે, જે અંગે વિચારણા કરવા બાબત...

(પરીક્ષા( FACT))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની પરીક્ષાઓમાં વિદ્યાર્થી ઓનલાઈન ગેરરીતી કરતાં પકડાયા હોય તો તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓને ગેરરીતી બાબતે FACT કેસ કરવા માટે FACT ના ઓનલાઈન નવા નિયમો એકેડેમીક કાઉન્સિલની તાઃ૨૧/૦૫/૨૦૨૧ની સભામાં મંજુર કરવામાં આવેલ ઠરાવ મુજબ અને સિન્ડીકેટની તાઃ૦૯/૦૬/૨૦૨૧સભામાં ઠરાવ ક્રમાંક : ૮૯ મુજબ મા.કુલપતિશ્રીએ નિમણુંક કરેલ કમિટી દ્વારા રજુ કરેલ રીપોર્ટનો યથાવત સ્વીકાર કરી Ordinance 183 - A નો અમલ કરી સેનેટના સ્વીકાર માટે રજૂ કરવો.**

૭. **શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન ન્યુ ઈન્ડીયા એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત શ્રી ઓધવરામ ફિઝિયોથેરાપી કોલેજ, વસરાવીની Master of Physiotherapy** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિ (**L**ocal **I**nquiry **C**ommittee)દ્વારા તા.૨૯–૦૬–૨૦૨૧ના રોજની કોલેજની મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન **Master of Physiotherapy** અનુસ્નાતક અભ્યાસક્રમનું <u>નવુ જોડાણ</u> મંજૂર કરવા કરેલ ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૬) અન્વયે સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત....

**<u>શરતો : –</u>**

(૧) કાયમી આચાર્યશ્રીની નિમણૂંક કરવી.

(૨) રાજય સરકારનું ચાલુ વર્ષ (૨૦૨૧–૨૨) માટે માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી કોર્ષ શરૂ કરવા માટેનું એપ્રૃવલ મેળવવું.

(૩) માસ્ટ ઓફ ફિઝીયોથેરાપીના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની વ્યવસ્થા કરવી.

(૪) ફિઝીયોથેરાપી કોલેજ બિલ્ડીંગમાં ફાયર સેફટી માટેની વ્યવસ્થા વધારવી.

(૫) લાઈબ્રેરીમાં પુસ્તકો ઈસ્યુ કરવા માટે સોફટવેરની વ્યવસ્થા કરવી.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૬)</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન ન્યુ ઈન્ડીયા એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત શ્રી ઓધવરામ ફિઝિયોથેરાપી કોલેજ, વસરાવીની Master of Physiotherapy અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણ અંગે એલ. આઈ. સી. ની શરતોનું પરિપાલન કરવાની શરતોને આધીન સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭– ૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૬)થી સિન્ડિકેટને કરેલ ભલામણનો સ્વીકાર કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન ન્યુ ઈન્ડીયા એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત શ્રી ઓધવરામ ફિઝિયોથેરાપી કોલેજ, વસરાવીની Master of Physiotherapy અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણ અંગે એલ. આઈ. સી. ની શરતોનું પરિપાલન કરવાની શરતો અને વર્કલોડ મુજબના અધ્યાપકોની નિમણુંક કરવાની શરતોને આધીન નવુ જોડાણ મંજૂર કરવું.**

૮. **શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન ગવર્નમેન્ટ કોલેજ ઓફ નર્સિંગ, દમણની M.Sc.-Nursing અનુસ્નાતક અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિ (Local Inquiry Committee) દ્વારા તા.૨૮–૦૬–૨૦૨૧ના રોજની કોલેજની મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન M.Sc.-Nursing અનુસ્નાતક અભ્યાસક્રમનું નવુ જોડાણ મંજૂર કરવા કરેલ ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૫) અન્વયે સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત....**

**શરતો : –**

(૧) સરકારી નર્સિંગ કોલેજ, દમણએ પી.જી. નર્સિંગ કોર્સ અને બી. એસ. સી. નર્સિંગ કોર્સ માટે ઘટતી ફકલ્ટીઝ સેકશન થયેલી તમામ પોસ્ટ ભરવા માટેની પ્રક્રિયા તાત્કાલીક કરવી.

(૨) સંસ્થા ખાતેના નર્સિંગના તમામ શિક્ષકો હાલમાં કરાર આધારિત નિમણૂંક કરેલ છે જેને નિયમીત રીતે કાયમી ધોરણે નિમણૂંક કરવી.

(૩) સંસ્થા ખાતેના શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સ્ટાફ ને યુનિવર્સિટીના ધારા –ધોરણ પ્રમાણે રજાઓ, વેકેશન વગેરેનો લાભ મળે તે માટે યોગ્ય કરવું.

(૪) સંસ્થાએ શૈક્ષણિક બિલ્ડીંગ અને લેબોરેટરીઝ માં ફાયર સેફટીના સાધનોને રિન્યૂ કરવા.

(૫) લાયબ્રેરીના પુસ્તકોની સંખ્યા વધારીને ૩૦૦૦ કરવી.

(૬) ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલના વખતો વખતના ધારા ધોરણોનું ચુસ્ત–પણે પાલન કરવું.

(૭) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના વખતો વખત ના નિયમો ૬૯–એ અને ૬૯–બી નું ચુસ્ત–પણે પાલન કરવું.

**એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૫)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન ગવર્નમેન્ટ કોલેજ ઓફ નર્સિંગ, દમણની M.Sc.-Nursing અનુસ્નાતક અભ્યાસક્રમના નવા જોડાણ અંગે એલ. આઈ.સી. ની શરતોનું પરિપાલન કરવાની શરતોને આધીન સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૫)થી કરેલ ઉપરોકત ભલામણનો સ્વીકાર કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન ગવર્નમેન્ટ કોલેજ ઓફ નર્સિંગ, દમણની M.Sc.-Nursing અનુસ્નાતક અભ્યાસક્રમના નવા જોડાણ અંગે એલ. આઈ.સી. ની શરતોનું પરિપાલન કરવાની શરતોને આધીન નવુ જોડાણ મંજૂર કરવું.**

૯. **શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન** એસ. બી. ગાર્ડા કોલેજ ટ્રસ્ટ સંચાલિત બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, **નવસારીની M.Sc.-Zoology** અનુસ્નાતક અભ્યાસક્રમના નવા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટેની જોડાણ અરજીને સિન્ડિકેટની તા.૦૯–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૨૯) અન્વયે સ્વીકારેલ હોય, સદરહું બાબતે યુનિવર્સિટી કાર્યાલયની તા.૧૮–૦૬–૨૦૨૧ની નોંધ અન્વયે માન.કુલપતિશ્રી નિયુકત સ્થાનિક તપાસ સમિતિ ( Local Inquiry Committee) ની તા.૨૯–૦૬–૨૦૨૧ના રોજની કોલેજની મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચેની શરતોના યથાર્થ પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન **M.Sc.-Zoology** અનુસ્નાતક અભ્યાસક્રમનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટે કરેલ ભલામણને એકડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯) અન્વયે **સંસ્થાએ ગ્રાન્ટ ઈન એઈડ મોડમાં અનુસ્નાતક કેન્દ્ર માટે માંગણી કરેલ હોય યુનિવર્સિટીના નિયમો અનુસાર સંસ્થાના શૈક્ષણિક સ્ટાફ તેમજ વિઝીટીંગ અધ્યાપકોથી અધ્યાપન કાર્ય કરાવવાનું હોય, વિદ્યાર્થીઓના શૈક્ષણિક હીત તેમજ એલ. આઈ. સી. ના સદર રીપોર્ટ ધ્યાને લેતાં અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા અંગેની કાર્યવાહી માટે સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત...**

**શરતો :**

(૧) એક આસીસ્ટન્ટ ટીચર, એક લેબ. આસીસ્ટન્ટ અને એક સેવકની નિમણૂંક કરવી.

(૨) ઈલેકટ્રોફોરેસીસ સાધન નવું ખરીદવું

(૩) લાઈબ્રેરીમાં વિષયને લગતા વધુ પુસ્તકો અને જર્નલ ખરીદવા.

**નોંધ :–**(૧) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન એસ. બી. ગાર્ડા કોલેજ ટ્રસ્ટ સંચાલિત બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવાસરી કોલેજ દ્વારા (1) M.Sc-Chemistry (2) M.Sc.-Microbiology (3) M.Sc.-Zoology (4) M.Sc.-Physics અનુસ્નાતક અભ્યાસક્રમોનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટેની મળેલ જોડાણ અરજી સંદર્ભમાં એસ.બી. ગાર્ડા કોલેજ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી નૌશીર કાવસજી સબાવાલાની યુનિવર્સિટી કાર્યાલયને તા.૦૩–૦૯–૨૦૧૯ના રોજ મળેલ અરજી સાથે રજુ કરેલ તેમના દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદમાં દાખલ કરેલ Special Civil Application No.6812 of 2016 ના તા.૨૭–૦૪–૨૦૧૬ના Oral Order મુજબ સુનવણીની આગામી તારીખ સુધી ટ્રસ્ટ કોઈ મોટો નિતિગત નિર્ણય ન લેવો, જેને નામદાર હાઈકોર્ટે તા.૦૪–૦૪–૨૦૧૮ના રોજ ઓરલ ઓર્ડરથી કેસના આખરી નિકાલ સુધી સદર વચગાળાની રાહત આપેલ છે. જેથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન સદર કોલેજ દ્વારા અનુસ્નાતક અભ્યાસક્રમોના નવા અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા કરેલ જોડાણ અરજી અંગે સ્પષ્ટતા કરવાની જાણ કરતા, કોલેજના ઈ.ચા.આચાર્યશ્રીએ તા.૨૪–૦૨–૨૦૨૦ના પત્ર ક્રમાંક : 1369/2019-2020. થી એસ.બી.ગાર્ડા કોલેજ ટ્રસ્ટની તા.૨૨–૦૨–૨૦૨૦ના પત્રથી કરેલ સ્પષ્ટતા અવલોકનમાં લઈ વિભાગની તા.૨૮–૦૨–૨૦૨૦ની નોંધ પર મળેલ અન્વયે સદરહું બાબતે યુનિવર્સિટીના એડવોકેટશ્રી ઉદયન વ્યાસનો તા.૧૦–૦૬–૨૦૨૦નો અભિપ્રાય મુજબ કાર્યાલયની તા.૧૬–૦૬–૨૦૨૦ની નોંધ પર મળેલ આદેશ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન (1) M.Sc-Chemistry (2) M.Sc.-Microbiology (3) M.Sc.-Zoology (4) M.Sc.-Physics અનુસ્નાતક અભ્યાસક્રમોનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા કરેલ જોડાણ અરજી અરજી દફતરે કરી હતી. **ત્યાર બાદ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન એસ. બી. ગાર્ડા કોલેજ ટ્રસ્ટ સંચાલિત બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારીની M.Sc.-Zoology અનુસ્નાતક અભ્યાસક્રમના નવા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટેની જોડાણ અરજીને સિન્ડિકેટની તા.૦૯–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૨૯) અન્વયે સ્વીકારેલ છે.**

(૨) **એસ. બી.** ગાર્ડા કોલેજ **ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી નૌશીર** કાવસજી **સબાવાલાએ** તા.૨૭–૦૬–૨૦૨૧ના રોજની અરજીથી નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદમાં દાખલ કરેલ **Special Civil Application No.6812 of 2016** ના તા.૨૭–૦૪–૨૦૧૬ના **Oral Order** અંતર્ગત બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન **M.Sc.-Zoology** અનુસ્નાતક અભ્યાસક્રમના નવા યુનિવર્સિટી કેન્દ્ર શરૂ કરવા અંગે વાંધો રજૂ કરેલ છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯)</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્થાએ ગ્રાન્ટ ઈન એઈડ મોડમાં અનુસ્નાતક કેન્દ્ર માટે માંગણી કરેલ હોય યુનિવર્સિટીના નિયમો અનુસાર સંસ્થાના શૈક્ષણિક સ્ટાફ તેમજ વિઝીટીંગ અધ્યાપકોથી અધ્યાપન કાર્ય કરાવવાનું હોય છે.**

**વિદ્યાર્થીઓના શૈક્ષણિક હીત તેમજ એલ. આઈ. સી. ના સદર રીપોર્ટ ધ્યાને લેતાં અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા અંગેની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯)થી કરેલ ઉપરોકત ભલામણનો યથાવત સ્વીકાર કરવો.**

૧૦. રાજય સરકારશ્રીના શિક્ષણવિભાગના તા.૨–૩–૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃબજેટ–૧૨૦–ન.બા. ૩૪૧–ખ થી પીએચ.ડી. સંશોધન અભ્યાસ માટે ફેસિલિટેશન સેન્ટર શરૂ રૂ.૯૦૦૦૦૦/– ની ફાળવણી સાથે ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન રીસર્ચ એડવાઈઝર, સ્ટેટેસ્ટીકલની નિમણૂંક સાથે ફર્નિચર અને આઈ. ટી. ના સાધનો ખરીદવાના હોય જે માટે માન. કુલપતિશ્રી નિયુકત સમિતિની તા.૬–૭–૨૦૨૧ના રોજ મળેલ સમિતિ દ્વારા નિયુકતી માટેના કવોલિફીકેશન અને નિયુકતીની કાર્યવાહી વોક ઈન ઈન્ટરવ્યુથી રાખવાની ભલામણ સાથે સાધનો ખરીદવાની ભલામણ કરેલ છે, જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨–૩–૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ બજેટ–૧૨૦–ન.બા.૩૪૧–ખથી પીએચ.ડી. સંશોધન અભ્યાસ માટે ફેસિલિટેશન સેન્ટર શરૂ રૂ.૯૦૦૦૦૦/–ની ફાળવણી સાથે ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન રીસર્ચ એડવાઈઝર, સ્ટેટેસ્ટીકલની નિમણૂંક સાથે ફર્નિચર અને આઈ. ટી. ના સાધનો ખરીદવાના હોય જે માટે માન. કુલપતિશ્રી નિયુકત સમિતિની તા.૬–૭–૨૦૨૧ના રોજ મળેલ સમિતિ દ્વારા નિયુકતી માટેના કવોલિફીકેશન અને નિયુકતીની કાર્યવાહી વોક ઈન ઈન્ટરવ્યુથી રાખવાની ભલામણ સાથે સાધનો ખરીદવાની ભલામણ કરેલ છે, જે ભલામણ નાણાં સમિતિની તા.૧૫–૦૭–૨૦૨૧ના ઠરાવ નં.૧૦ અનુસાર સ્વીકાર કરવો.**

૧૧. તા.૦૧/૦૭/૨૦૨૧ના રોજ માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને વહીવટી ભવન ખાતે IAS/ IPS તથા અન્ય સ્પર્ધાત્મક તાલીમ કેન્દ્રની સલાહકાર સમિતિની મીટીંગમાં થયેલ કાર્યવાહીની સિન્ડિકેટમાં નોંધ લઈ મંજૂર કરવા બાબત.

( IAS/IPS)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૧/૦૭/૨૦૨૧ના રોજ માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને વહીવટી ભવન ખાતે IAS/IPS તથા અન્ય સ્પર્ધાત્મક તાલીમ કેન્દ્રની સલાહકાર સમિતિની મીટીંગમાં થયેલ કાર્યવાહીની નોંધ લઈ મંજૂર કરવામાં આવે છે.**

## માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

૧૨. ગવર્નમેન્ટ કોલેજ ઓફ નર્સિંગ, દમણના આચાર્યશ્રીએ તેના તા.૩૦–૦૬–૨૦૨૧ના પત્ર ક્રમાંક : **1/25/Prop. M.Sc.(N)/GCON/2021-22/VNSGU/37**થી શૈક્ષણિક વર્ષ:૨૦૨૧–૨૨ માટે **M.Sc.-Nursing** અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા કરેલ નવા જોડાણની અરજી સંદર્ભમાં **M.Sc.-Nursing** અનુસ્નાતક અભ્યાસક્રમની સ્પેશ્યલાઈઝેશન સહિતની પ્રવેશ બેઠકોની મંજુરી રાજ્ય સરકારશ્રીના ગુજરાત નર્સિંગ કાઉન્સિલને કરવાની દરખાસ્ત સાથે રજુ કરવા માટે **M.Sc.-Nursing** અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા અંગેનું સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક:(૧૨) અન્વયે **Consent of Affiliation/N.O.C.** આપવા માટે નિયત કરેલ અરજીપત્રમાં અરજી સાથે **N.O.C.** આપવા કરેલ વિનંતી અંતર્ગત સદર કોલેજને **No Objection Certificate** આપવા અંગેના માન.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.....

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ કોલેજ ઓફ નર્સિંગ, દમણના આચાર્યશ્રીએ તેના તા.૩૦–૦૬–૨૦૨૧ના પત્ર ક્રમાંક : 1/25/Prop. M.Sc.(N)/GCON/2021-22/VNSGU/37થી શૈક્ષણિક વર્ષ:૨૦૨૧–૨૨ માટે M.Sc.-Nursing અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા કરેલ નવા જોડાણની અરજી સંદર્ભમાં M.Sc.-Nursing અનુસ્નાતક અભ્યાસક્રમની સ્પેશ્યલાઈઝેશન સહિતની પ્રવેશ બેઠકોની મંજુરી રાજ્ય સરકારશ્રીના ગુજરાત નર્સિંગ કાઉન્સિલને કરવાની દરખાસ્ત સાથે રજુ કરવા માટે M.Sc.-Nursing અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા અંગેનું સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક:(૧૨) અન્વયે Consent of Affiliation/N.O.C. આપવા માટે નિયત કરેલ અરજીપત્રમાં અરજી સાથે N.O.C. આપવા કરેલ વિનંતી અંતર્ગત સદર કોલેજને No Objection Certificate આપવા અંગેના માન. કુલપતિશ્રીના પગલાની નોંધ લેવામાં આવે છે.**

### અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.

૧૩. યુનિવર્સિટીનાં સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતાં એમ.એસ.ડબલ્યુ. સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામના કો–ઓર્ડિનેટર ડાં.બહાદુરસિંહ એ. વસાવાના તા.૨૫/૧૧/૨૦૨૦ના પત્રાંકઃ letter/Staff MSW/3578/2020 ધ્વારા એમ.એસ.ડબલ્યુ. સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામનાં બે ટીચીંગ આસિસ્ટન્ટ શ્રી ઉદિત દિગલ અને ડાં. મનોજ શર્મા ને અગાઉની એમ.એસ.ડબલ્યુ.ની સ્પેશિયલ ઈ.સી. મીટીંગ તા.૦૩/૦૭/૨૦૧૯ના ઠરાવ ૩ મુજબ તેમનો પગાર સી.ડી.એફ. (વર્ષઃ ૨૦૧૯–૨૦) માંથી કરવામાં આવે છે. પરંતુ તા.૨૯/૧૦/૨૦૨૦ ની ઈ.સી. મીટીંગના ઠરાવ ક્રમાંક ૨ મુજબ સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામમાં બે ટીચીંગ આસિસ્ટન્ટનાં પગાર અંગેની બાબત નાણાં સમિતિ સમક્ષ રજૂ કરતાં નાણાં સમિતિની તા.૨૯/૧૨/૨૦૨૦ નાં ઠરાવ ક્રમાંક ૧૫ અન્વયે ઠરાવ્યાનુસાર નીતિ વિષયક બાબત હોઈ, સદર બાબતે યોગ્ય નિર્ણય લેવા સિન્ડિકેટ સભાને ભલામણ કરવામાં આવતાં સિન્ડિકેટ સભા તા.૧૨/૦૩/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક ૩૮ અન્વયે સદર બાબત આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવા ઠરાવેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પરિસરના તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમોના તમામ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓના પગારની ચુકવણી જે તે વિભાગના સ્વનિર્ભર અભ્યાસક્રમના ફંડ માંથી જ કરવી.**

૧૪. NCC ને General Elective Credit Course તરીકે દાખલ કરવા અંગે યુ.જી.સી.ના સચિવશ્રીના તા.૧૫/૦૪/૨૦૨૧ ના પત્ર ક્રમાંક : D.O. No. 1-18/2019 ( CPP-II ) તેમજ NSS બાબતે તા.૨૦/૦૬/૨૦૧૬ ના પરિપત્રનો એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૨/૦૫/૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે સૈધ્ધાંતિક સ્વીકાર કરી તે અંગે કમિટિની નિમણૂંક કરી હતી, જેની સભા તા.૧૭/૦૬/૨૦૨૧ના રોજ મળી હતી, કમિટિનો રિપોર્ટ અને અભ્યાસક્રમ અંગે એકેડેમિક કાઉન્સિલની તા.૧૨/ ૦૭/ ૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧૦ અન્વયે સિન્ડિકેટને ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરતા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૨/૦૭/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કમિટિનો રીપોર્ટ અને અભ્યાસક્રમનો યથાવત્ સ્વીકાર કરી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી ક્રમશઃ અમલમાં આવે તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(એકેડેમિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતમાં એન. એસ. એસ. અને એન. સી. સી. બન્ને ફીલ્ડ વર્ક / પ્રેકટીકલ વર્ક મહત્વપૂર્ણ હોય છે જેને આ અભ્યાસક્રમમાં આમેજ કરી સમય સહીતના વર્કલોડ પ્રમાણે માળખું રજૂ કરવા માટે એકેડેમિક કાઉન્સિલને રીફર બેક કરવામાં આવે છે.**

૧૫. National Education Policy ૨૦૨૦ અંતર્ગત Multiple Certification Policy અંગે વિચારણા કરતાં એકેડેમિક કાઉન્સિલ તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ થી ઠરાવ્યા અનુસાર તમામ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓએ તૈયાર કરેલ સંયુકત રીપોર્ટ પર વિચારણા કરતા એકેડેમિક કાઉન્સિલની તા.૧૨/૦૭/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૨ અન્વયે નીચે મુજબ સિન્ડિકેટને ભલામણ કરેલ છે જે અંગે વિચારણા કરવા બાબત.

સૂચિત પોલિસી

1. In a six semester undergraduate program, the candidate shall be awarded a Certificate on successful completion of 2 semesters based on CGPA of 2 semesters.
2. In a six semester undergraduate program, the candidate shall be awarded a Diploma on completion of 4 semesters based on CGPA of 4 semesters.
3. In a 4-semester or 6-semester post-graduate program, the candidate shall be awarded a PG Diploma on successful completion of 2 semesters based on CGPA of 2 semesters.
4. Only digitally verifiable Digital copies of such Certificate, Diploma and PG Diploma shall be issued online to all the candidates.
5. In case a candidate exits the program in-between the program student is also entitled to get the transcript based on Certificate, Diploma and PG Diploma.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક : ૫૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, National Education Policy 2020 અંતગર્ત Multiple Certification Policyનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે.

વધુમાં એકેડેમિકકાઉન્સિલ દ્વારા આ બાબત અનુલક્ષીને બનેલ કમિટિ દ્વારા સબમીટ થયેલા રીપોર્ટની રૂપરેખાને ધ્યાનમાં લઈને Multiple Certification Policy નાઅમલ અંગે પ્રવર્તમાન તમામ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓને સંયુકત રીતે રીપોર્ટ તૈયાર કરી એકેડેમિક વિભાગમાં તા. ૧૦/૦૭/૨૦૨૧ સુધીમાં જમા કરાવવો.

**<u>તમામ વિદ્યાશાખાના ડીનશ્રીઓએ તૈયાર કરેલ સંયુકત રીપોર્ટ</u>**

નેશનલ એજયુકેશનલ પોલિસી–2020 અંતર્ગત, વિભાગ-3 ".NEP 2020 Clause-wise Implementation Plan ના NEP CLAUSE 11: Towards a more Holistic and Multidisciplinary Education દ્વારા સ્પષ્ટ માર્ગદર્શન તથા દિશા નિર્દેશ આપેલ છે .NEP ના વિભાગ 3.2.2 Implementation Plan ના ઓબ્જેક્ટિવ-4 "Develop and implement a flexible curriculum that enables multiple entry and exits at the 1st, 2nd, and 3rd year of education while maintaining the rigour of learning" ના વિસ્તૃત Detailed Implementation Plan **ક્રમાંક–૧ ધ્યાને રાખી તથા અગાઉની તા.૨૫/૨૬–૦૭–૨૦૨૧ની એકેડેમિક કાઉન્સિલની મિટીંગમાં મલ્ટીપલ સર્ટીફિકેશન પોલોસીની બાબતની બનેલી કમિટીના રિપોર્ટને ધ્યાને રાખી નીચે મુજબનો ઠરાવ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**૧. તમામ ૩ વર્ષનો સમયગાળો ધરાવતા યુ.જી. પ્રોગ્રામમાં, વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ ચાર સેમેસ્ટરના તમામ વિષયમાં ઉતતીર્ણ થયેથી તથા પ્રથમ બે સેમેસ્ટરમાં મળવામાત્ર તમામ ક્રેડીટ મેળવ્યેથી પ્રથમ બે સેમેસ્ટરના સીજીપીએ ને અનુસરીને " સર્ટીફિકેશન ઈન < કોર્ષનું નામ > આપી શકાય.**

**૨. તમામ ૩ વર્ષનો સમયગાળો ધરાવતા યુ.જી. પ્રોગ્રામમાં, વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ ચાર સેમેસ્ટરના તમામ વિષયમાં ઉતતીર્ણ થયેથી તથા પ્રથમ ચાર સેમેસ્ટરમાં મળવામાત્ર તમામ ક્રેડીટ મેળવ્યેથી પ્રથમ ચાર સેમેસ્ટરના સીજીપીએ ને અનુસરીને " ડિપ્લોમાં ઈન < કોર્ષનું નામ > મુજબનું ડિપ્લોમાં સર્ટીફિકેટ આપી શકાય.**

**૩. તમામ બે અથવા ત્રણ વર્ષનો સમયગાળો ધરાવતા પી.જી. પ્રોગ્રામમાં, વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ બે સેમેસ્ટરના તમામ વિષયમાં ઉતતીર્ણ થયેથી તથા પ્રથમ બે સેમેસ્ટરમાં મળવામાત્ર તમામ ક્રેડીટ મેળવ્યેથી પ્રથમ બે સેમેસ્ટરના સીજીપીએને અનુસરીને " પોષ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમાં ઈન < કોર્ષનું નામ > મુજબનું પી.જી.ડિપ્લોમાં સર્ટીફિકેટ આપી શકાય.**

**૪. ઉપરોકત તમામ સર્ટીફિકેટ અથવા પી.જી. સર્ટીફીકેટ મેળવવા માટે એલીજીબીલીટી ધરાવતા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા ડિજિટલ ફોર્મમાં માત્ર ઓનલાઈન મોડથી જે તે સર્ટીફીકેટ/ ડિપ્લોમા સર્ટીફીકેટ/પી.જી. ડિપ્લોમાં સર્ટીફીકેટ આપવામાં આવે, જેની ખરાઈ ડિજીટલ ઓનલાઈન મોડથી થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.**

**૫. વિદ્યાર્થી દ્વારા મલ્ટીપલ સર્ટીફીકેશન વ્યવસ્થા અંતર્ગત મળેલ ડીજીટલ સર્ટીફીકેટ/ ડિપ્લોમા / પીજી ડિપ્લોમાના સર્ટીફીકેટને આધારે** Transcript **મેળવી શકશે તથા યુનિવર્સિટીમાંથી તેનું વેરીફીકેશન પણ કરાવી શકશે.**

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક : ૧૨</u>**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, તમામ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓએ તૈયાર કરેલ સંયુકત રીપોર્ટનો યથાવત્ સ્વીકાર કરી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**વધુમાં સ્ટેટયૂટ–૨૨૯ માં NEP 2020 અન્વયે જરૂરી ફેરફાર કરવા માટે સામેલ ડ્રાફટનો યથાવત્ સ્વીકાર કરી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(એકેડેમિક)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

**૧૬. તા.૧૫–૦૭–૨૦૨૧ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૨, ૪, ૫, ૧૦, ૧૧.૧, ૧૧.૨, ૧૧.૩ અને ૧૧.૫ અંગે વિચારણા કરવા બાબત.**

**બિડાણ : નાણાં સમિતિની સભાની મીનીટ્સ/ ભલામણ.**

**(હિસાબી)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, તા.૧૫–૦૭–૨૦૨૧ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૨, ૪, ૫, ૧૦, ૧૧.૧, ૧૧.૨, ૧૧.૩ અને ૧૧.૫ને પરિશિષ્ટ : ' ક ' માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવામાં આવે છે.**

**(પરિશિષ્ટ : ' ક ')**

**૧૭. સ્વનિર્ભર સંસ્થાઓમાં આચાર્ય અને શૈક્ષણિક કર્મચારીઓની ભરતી પ્રક્રિયામાં સંસ્થાઓ દ્વારા વારંવાર પ્રયત્ન કરવા છતાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ન મળતા હોવાની સમસ્યા વારંવાર આવે છે તેનું નિવારણ કરવા માટે આ દિશામાં યુનિવર્સિટીએ પોતે પ્રયત્ન કરવા જોઈએ તેવું લાગતું હોય તે બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.**

**(સિન્ડિકેટ)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર સંસ્થાઓમાં આચાર્ય અને શૈક્ષણિક કર્મચારીઓની ભરતી પ્રક્રિયામાં યુનિવર્સિટીએ પ્રયત્ન કરવા બાબતની સમિતિમાં નીચે જણાવ્યા પ્રમાણેના સભ્યોની નિમણુંક કરવામાં આવે છે તેમજ આ સમિતિએ યોગ્ય ચર્ચા વિચારણા કરી દિન–૧૫માં રીપોર્ટ રજૂ કરવો.**

(૧) ડૉ.સંજયભાઈ સત્યાર્થી (૨) શ્રી સંજયભાઈ દેસાઈ(૩) પ્રિ.ડૉ. અશ્વિનભાઈ પટેલ

(૪) ડૉ.મહેન્દ્રસિંહ મહિડા (૫)શ્રી કિરણભાઈ ઘોઘારી (૬)શ્રી વિમલભાઈ શાહ

(૭) ડૉ.પારૂલબેન વડગામા (૮) પ્રિ.ડૉ.અશોક ભાઈ દેસાઈ (૯) પ્રિ.ડૉ.યોગેશ મીસ્ત્રી (વાંસદા)

**૧૮. યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ સ્વનિર્ભર પ્રોગ્રામો જેવાં કે, બેચલર ઓફ આર્કિટેકચર, બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન અને બેચલર ઓફ ફાઈન આર્ટસને વિશિષ્ટ ઓળખ તથા વૈધાનિક દરજજો આપવા તથા ઈન્સ્ટીટયુટનાં કિસ્સામાં ડાયરેકટર તથા જે ડિપાર્ટમેન્ટ છે તેનાં વિભાગીય વડાશ્રીની નિમણુંક કરવા અંગેની સદરહું પ્રોગ્રામોના આચાર્યશ્રી તથા કો–ઓર્ડિનેટરશ્રીઓના વિનંતી પત્ર તા.૦૮–૦૧–૨૦૨૧ અન્વયે જરૂરી કાર્યવાહી અર્થે નિયુકત સમિતિના તા.૧૫–૦૭–૨૦૨૧ના અહેવાલ પર વિચારણા કરવા બાબત.**

**(વહીવટી)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ સ્વનિર્ભર પ્રોગ્રામો જેવાં કે, બેચલર ઓફ આર્કિટેકચર, બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન અને બેચલર ઓફ ફાઈન આર્ટસને વિશિષ્ટ ઓળખ તથા વૈધાનિક દરજજો આપવા તથા ઈન્સ્ટીટયુટનાં કિસ્સામાં ડાયરેકટર તથા જે ડિપાર્ટમેન્ટ છે તેનાં વિભાગીય વડાશ્રીની નિમણુંક કરવા અંગેની સદરહું પ્રોગ્રામોના આચાર્યશ્રી તથા કો–ઓર્ડિનેટરશ્રીઓના વિનંતી પત્ર તા.૦૮–૦૧–૨૦૨૧ અન્વયે જરૂરી કાર્યવાહી અર્થે નિયુકત સમિતિના તા.૧૫–૦૭–૨૦૨૧ના અહેવાલને પુનઃવિચારણા માટે સદર સમિતિને રીફર કરવો તેમજ સમિતિનો રીપોર્ટ આવ્યેથી તેના પર નિર્ણય અને અમલીકરણ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૧૯. સિન્ડિકેટ સભ્યશ્રીઓના વિવિધ સ્વનિર્ભર કોલેજો દ્વારા યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવતી ફીકસ્ડ ડીપોઝીટના વપરાશ બાબત અંગેના તા.૧૬–૦૭–૨૦૨૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભ્યશ્રીઓના વિવિધ સ્વનિર્ભર કોલેજો દ્વારા યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવતી ફીકસ્ડ ડીપોઝીટના વપરાશ બાબત અંગેના તા.૧૬–૦૭–૨૦૨૧ના પત્ર સંદર્ભે કાનૂની અભિપ્રાય મેળવી આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવો.**

૨૦. **અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/૧૦૩૨૯ /૨૦૨૧
તા.૧૬–૦૭–૨૦૨૧

**Sd/-**
**ઈ.ચા.કુલસચિવ**

પ્રતિ,

**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**

.